## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



અંકલ, નાગા નાગા ઘરની બહાર નીકળ્યા છે એમ ન કહેવાય... એ માસ્ક ઘરે ભૂલી ગયા છે તેમ કહેવાનું ....!!



## બજરંગદળ-વીએચપીના કાર્યકરો દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું

છત્રાલ ખાતે પ્લોટની ફાળવણીના વિરોધમાં વીએચપી અને બજરંગદળના કાર્યકરો દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરાઈ હતી.જયારે વીએચપી-બજરંગદળના કાર્યકરોએ કલેકટર કચેરી ખાતે રામધુન બોલાવી વિરોધ પ્રદર્શીત કરતા પોલીસ દ્વારા કાર્યકરોની અટકાયત કરાઈ હતી.

## ખૂણેખાંચરેથી

- રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે જિલ્લા પંચાયતમાં ભાજપના ચૂંટાયેલા સભ્યોએ આજે પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલના નેતૃત્વમાં હોસ્પિટલના દર્દીઓને ફ્રુટ્સનું વિતરણ કર્યુ હતુ.
- વેક્સિનેશન મહાઅભિયાન અંતર્ગત રાજ્યના આરોગ્ય સચિવ મનોજ અગ્રવાલ તથા આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરેએ સે. ૨ ના અર્બન હેલ્થ સેન્ટરની મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર મનપા દ્વારા આજે યોજાયેલ વર્ચ્યુઅલ વન મહોત્સવના કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે હાજરી આપી હતી. સે. ૨૮ ખાતે હાજર રહેલા આગેવાનોએ લીમડાના વૃક્ષનું વાવેતર કર્યુ હતુ.
- ગાંધીનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિ. કમિશનર દવે સામાજિક કારણોસર ૪ દિવસની રજા પર ગયા છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાના હેલ્થ ઓફિસર ડૉ. કલ્પેશ ગોસ્વામીએ તેમનો જન્મ દિવસ સાદગીથી ઉજવ્યો હતો.
- જિલ્લા આયોજન મંડળની બેઠક આગામી ૨૮મી જૂનના રોજ યોજાશે.
- ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિની બેઠક આજે વધુ એક વિવાદ સાથે સંપન્ન થઈ છે.
- જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ આજે કલોલમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.
- રાજ્ય સરકારે ગુજરાત જાહેર સેવા આયોગના સચિવ તરીકે ૨૦૦૭ની બેચના સનદી અધિકારી આર.જે. હાલાણીની નિમણૂંક કરી છે.

# ગાંધીનગરની ફિલ્મ ‘ગટ્ટુ માય ફ્રેન્ડ’ને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સનો એવોર્ડ

### એક જ ગુજરાતી ફિલ્મમાં વામણી ઉંચાઇના સૌથી વધુ કલાકારો બદલ જગદીશ સોનીને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા મેક્સિમમ નંબર ઓફ મીડજેટ્સનું પ્રમાણપત્ર

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના ગુજરાતી ફિલ્મ લેખક-દિગ્દર્શક જગદીશકુમાર સોનીએ મહત્તમ સંખ્યાના મિડજેટ્સ એક્ટર્સ એટલે કે વામણી ફિલ્મ એટલે કે ગુજરાતી ચલચિત્રમાં સૌથી વધુ સંખ્યામાં વામણા કલાકારો હોવાનો વિક્રમ નોંધીને જગદીશ સોનીને પ્રમાણપત્ર, મેડલ તથા સ્મૃતિચિહ્ન સહિતની સામગ્રી કોવિડને પગલે કુરિયરથી મોકલી




ઉંચાઈ ધરાવતા કલાકારો સાથે ગુજરાતી ફિલ્મ બનાવવાનો રેકોર્ડ બનાવ્યો છે. જગદીશ સોનીએ બનાવેલી ‘ગટ્ટુ માય ફ્રેન્ડ’ નામની કોમેડી ફિલ્મમાં એક, બે કે ત્રણ નહીં પરંતુ કુલ છ ઠિંગુજી એટલે કે વામણા કલાકારોએ લીડિંગ રોલમાં કામ કર્યુ હતું.

‘ગટ્ટુ માય ફ્રેન્ડ’એ પહેલી ગુજરાતી ફિલ્મ છે જેમાં આટલી મોટી સંખ્યામાં શારીરિક રીતે વિશિષ્ટ કહેવાતા કલાકારોએ કામ કર્યુ હોય. ‘ગટ્ટુ માય ફ્રેન્ડ’ને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા મેક્સિમમ નંબર ઓફ મીડજેટ્સ ઈન ગુજરાતી આપી છે. આ સાથે જગદીશ સોનીના જણાવ્યાં અનુસાર ‘તાજેતરના વર્ષોમાં કોઈ ગુજરાતી મૂવીએ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં રેકોર્ડ બનાવ્યો હોય તેવી કદાચ આ પહેલીવાર ઘટના સર્જાઇ છે જે રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ માટે આ એક ઉપલબ્ધિ સમાન છે જે મારા જીવનની અત્યાર સુધીની સૌથી મોટી ઉપલબ્ધી છે.’ ગાંધીનગરના ૪૮ વર્ષીય ગુજરાતી ફિલ્મ લેખક-નિર્માતા-નિર્દેશક જગદીશ સોનીએ આ ઉપલબ્ધી હાંસલ કરીને રાષ્ટ્રીય કક્ષાએ ગાંધીનગરનું નામ રોશન કર્યુ છે.

## ગાંધીનગરના ઈલેક્ટ્રોનિક મેગેઝીન ‘ઉડ્ડયન’ દ્વારા પાંચ દિવસનો ઓનલાઈન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૨

શહેરના જાણીતા સર્જક ધર્મેન્દ્રભાઈ ત્રિવેદીના પિતાશ્રી અને જાણીતા વાર્તાકાર નિબંધકાર, નવલકથાકાર અને ચિત્રકાર સ્વ. શ્રી જનક ત્રિવેદીના જન્મ દિવસ તારીખ ૧૦મી જુન ૨૦૨૧થી ૧૪ જુન ૨૦૨૧ દરમિયાન પાંચ દિવસના એક કાર્યક્રમનું આયોજન ગાંધીનગરના ઈલેક્ટ્રોનિક મેગેઝિન ‘ઉડ્ડયન’ના તંત્રી શ્રી ધ્રુવ પ્રજાપતિ ‘આઝાદ’ દ્વારા કરવામાં આવ્યું હતું.

નવોદિત લેખકોને સિદ્ધહસ્ત કવિઓ-ગદ્યકારો સાથે સ્થાન આપતા ઉડ્ડયન મેગેઝીને, શ્રી કૃષ્ણ કુમારસિંહજી યુનિ. ના ભાષા સાહિત્ય ભવન, ભાવનગરના વડા શ્રી મહેન્દ્રસિંહ પરમારના માર્ગદર્શન અને સહકારથી આ કાર્યક્રમનું આયોજન થયુ હતું.

આ કાર્યક્રમમાં સ્વ. શ્રી જનક ત્રિવેદીના નિબંધો, વાર્તાઓ અને ચિત્રકળા અંગે શ્રી રજનીકુમાર પંડ્યા, શ્રી મનોહર ત્રિવેદી, કિરીટ દૂધાત, હર્ષદભાઈ ત્રિવેદી, યોગેશભાઈ વૈદ્ય અને સાથે સાથે શ્રી રામ મોરી, અજય સોની અને શક્તિસિંહ જેવા યુવા સાહિત્યકારોએ વાત કરી હતી.

# ચિલોડા ખાતે ઈકો ગાડીના ચાલકે ઘર પાસે બેઠેલા દંપતિને અડફેટે લીધા

### ઈકો ગાડી ટકરાતા મહિલાનું ગંભીર ઈજા પહોંચતા મૃત્યુ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ચિલોડા ક્રિષ્ના હોસ્પિટલ નજીક ઘર આગળ બેઠેલા દંપતિ પર ઈકો ગાડી અચાનક ધસી આવતા ગંભીર ઈજાને પગલે મહિલાનું મૃત્યુ નિપજયુ હતું. જયારે મૃતક મહિલાના પતિને ઈજાઓ પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જયારે ઈકોમાં સવારે બે શખ્સોને ચિલોડા પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર ચિલોડા સ્થિત ક્રિષ્ના હોસ્પિટલ પાસે રહેતા નિતિનભાઈ દાતણીયાના પરિવારમાં પિતા અરવિંદભાઈ, માતા મંજુલાબેન અને મામા કાળુભાઈ દંતાણી છે.ગતરોજ બપોરના સુમારે નિતિનભાઈ તેમના માતા-પિતા અને મામા ને જમીને પરવારીને ઘર આગળ બેસી વાતચીત કરી રહ્યા હતા. તે સમયે ગ્રે કલરની ઈકો કાર રોંગ સાઈડમાં ક્રિષ્ના હોસ્પિટલ તરફથી આવી



હતી. આ કારને પગલે સ્થાનિક નાગરીકોમાં દોડધામ મચી જવા પામી હતી. સ્થાનિક વ્યકિતઓએ કારને રોકવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ કારના ચાલકે પોતાની કાર ગફલતભરી રીતે હંકારી ઘર પાસે બેઠેલા મંજુલાબેન તેમજ તેમના પતિ અરવિંદભાઈને અડફેટે લીધા હતા. ઈકો કારની અડફેટે મંજુલા બેન આવતા તે માર્ગ પર પડી ગયા હતા. તે સમયે ઈકોનું ટાયર તેમના પર ફરી વળ્યું હતું. જયારે ગંભીર ઈજા પહોંચતા દંપતિને ૧૦૮ દ્વારા તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. જયારે ઈકો ચાલકે આગળ જઈને કાર ઉભી રાખી હતી. અકસ્માતને પગલે આસપાસના રહીશો આવી જતા ઈકોમાં સવાર બંન્ને યુવકોને મેથીપાક આપ્યો હતો. જયારે ગાંધીનગર સિવિલના ડોકટરે મંજુલાબેનને તપાસી મૃત જાહેર કર્યા હતા.જયારે અરવિંદભાઈને સારવાર માટે એડમીટ કરાયા હતા. બનાવની જાણ થતા ચિલોડા પોલીસ મથકના પીએસઆઈ નયનાબેન પરમાર સ્ટાફ સાથે આવી જઈને બંન્ને યુવકોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



ગાંધીનગરના સેવાભાવી શ્રી જલિયાણ ગૃપ દ્વારા ખ-રોડ પરની મૂકબધિર શાળા, ભરવાડના છાપરાં વિસ્તાર ભાઈજીપુરા પાટીયાં વગેરે સ્થળોએ જરૂરિયાતમંદ વર્ગના બાળકોને પૂ. જલારામ બાપાની પ્રસાદીરૂપે ફ્લેવર્ડ દૂધ સાથે બિસ્કિટ, ચોકલેટ્સ, નમકીન વગેરેનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ સાથે પ્રવર્તમાન કોરોના મહામારીની સંભવિત ત્રીજી લહેરથી બાળકો સુરક્ષિત રહે તે હેતુસર બાળકોને પહેરવા ગમે તેવા કાર્ટુનવાળા માસ્કનું પણ વિતરણ કરવામાં આવ્યુ હતુ.

# ગાંધીનગરને નશાખોરીનું કેન્દ્ર બનતુ રોકવા વિશેષ પોલીસતંત્રની રચના કરવા જાગૃત નાગરિક પરિષદની માંગ

ગાંધીનગર, તા. ૨૨

યુવાનોને ટાર્ગેટ બનાવતી નશીલા પ્રતિબંધિત પદાર્થો વેચનારી ગેંગ ગાંધીનગરમાં સક્રિય બની હોવાના બનાવો તાજેતરમાં નોંધાયા છે. ગાંધીનગરમાં કેફી દ્રવ્યો સાથેના હુક્કાબાર પકડાયા છે. ભૂતકાળમાં પણ પકડાયા હતા. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે આ બાબતની ગંભીરતાપૂર્વક નોંધ લઈને સરકારને અનુરોધ કર્યો છે કે યુવાનોને નશાખોરીના રસ્તે લઈ જતા અસામાજિક તત્વો પર તરત જ અંકુશ મૂકવામાં આવે. આ માટે વિશેષ પોલીસ તંત્ર રચના કરવાની આવશ્યકતા છે.

સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં દારૂની બદી પણ નિરંકુશ બનેલી છે. રોજેરોજના વર્તમાનપત્રો દારૂ પકડાયાના સમાચારોથી ભરચક છે. ગાંધીના ગુજરાતને નશાખોરી અને દારૂ અંગેની ગુનાખોરીની બદનામીમાંથી બચાવવા માટે સરકાર અને સમાજ માટે જાગવાનો આ સમય છે.

ગાંધીનગરમાં નશીલા પદાર્થો અને દારૂના વ્યસનના ફેલાવા અંગેના કારણોની સમીક્ષા કરતાં ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે જણાવ્યું છે કે છેલ્લા દસકામાં ગાંધીનગરમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાની શાળા, કોલેજો, યુનિવર્સિટીઓનો નોંધપાત્ર વિકાસ થયો છે. વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓના તાલીમ કેન્દ્રો પણ મોટી સંખ્યામાં ખુલી રહ્યાં છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના ગિફ્ટ સિટીનો વિકાસ ઝડપી બન્યો છે. પરિણામે વિવિધ દેશ-પ્રદેશના યુવાનો ગાંધીનગરમાં મોટી સંખ્યામાં રહેવા લાગ્યા છે.

નશાથખોરીનું દૂષણ યુવાનોમાં ઝડપથી પ્રસરતું હોય છે. ગાંધીનગરની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કે તાલીમ કેન્દ્રોમાં જોડાતાં યુવાનોના સીધા અને સતત સંપર્કમાં રહી તેમને માર્ગદર્શન આપે તેવા પોલીસ અધિકારીઓના ગ્રુપની રચના કરીને તેને ગૃહવિભાગના સીધા નિયંત્રણ હેઠળ કાર્ય કરવું જોઈએ.

## આર્મી ભરતી રેલી અંગે માર્ગદર્શન વેબિનાર

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લા રોજગાર કચેરી-ગાંધીનગર દ્વારા આર્મી ભરતી રેલી-ગોધરા અને આર્મી ભરતી મહિલાની જાહેરાત અન્વયે અરજી કરવાથી લઈને ધ્યાનમાં રાખવા જેવી તમામ બાબતોની જરૂરી જાણકારી પૂરી પાડવા માટે તા.૨૮-૬-૨૦૨૧ ના રોજ ૧૨ થી ૧ કલાક દરમ્યાન એક વેબિનારનુંઆયોજન કરવામાં આવ્યું છે. જેમાં આર્મી ભરતી અન્વયે કઈ કઈ બાબતોની તકેદારી રાખવી તે અંગે વિસ્તૃતમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે જેના માટે ગાંધીનગર જીલ્લાના યુવાઓએ વેબિનાર માટેની લીંક- meet. google.com/tvb-yhhv-ihj રોજગાર સંપર્ક સેતુ નંબર-૬૩૫૭૩૯૦૩૯૦, ફેસબુક પેઈજ - www. facebook. com/ mccgandhinagar.govt જોડાઈ શકશે.

## રાજ્યમાં ૫ દિવસ સામાન્ય વરસાદની આગાહી

રાજ્યમાં વરસાદ અંગે હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યમાં ૫ દિવસ સામાન્ય વરસાદ રહેશે. અને કેટલાક વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ આવી શકે છે. અત્યાર સુધી રાજ્યમાં ૭૬ મીમી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે ૨ દિવસ સુધી માછીમારો માટે ચેતવણી જાહેર કરી છે. અને અમદાવાદ, ગાંધીનગર, વડોદરામાં સામાન્ય વરસાદની આગાહી કરાઈ છે.

રાજ્યમાં પડેલા છે. જ્યારે રાજ્યમાં ૮૪ તાલુકામાં ૦થી ૨ ઈંચ વરસાદ નોંધાયો છે તો ૧૧૫ તાલુકામાં ૨થી ૫ ઈંચ વરસાદ થયો છે ૪૩ તાલુકામા પથી ૧૦ ઈંચ વરસાદ નોંધાયો છે જ્યારે ૯ તાલુકામાં ૧૦ થી ૨૦ ઈંચ વરસાદ વરસ્યો છે આમ જો વાત કરવામાં આવે તો રાજ્યમાં એક પણ તાલુકો એવો નથી જ્યાં વરસાદ વરસ્યો ન હોય.

# મધુર ડેરીના સહયોગથી સરગાસણ દૂધ મંડળી ખાતે રસીકરણ કેમ્પ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના પશુપાલકો તથા ગ્રામજનોને મોટી સંખ્યામાં સમયસર રસીકરણ મળી રહે તે હેતુથી આજે સરગાસણ દૂધ મંડળીના મકાનમાં ૧૮ વર્ષથી ઉપરના તમામ ગ્રામજનોને તથા સરકારની ગાઈડલાઈન પ્રમાણે પ્રથમ ડોઝના દિવસો પુરા થતા હોવાથી તેમને બીજો ડોઝ પણ આપવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ૧૭૭ ઉપરાંત ગ્રામજનોને રસી મુકાવી હતી.

કેમ્પનું આયોજન મધુર ડેરીના ડૉ. ડી.એસ. પટેલ તથા આરસીએચઓ ડૉ. રાઠોડ દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમાં રસીકરણ સ્ટાફનર્સ જાનવી પારેખ, મધુર ડેરીના સુપરવાઈઝર શીતલબેન પટેલ તથા દૂધમંડળીના



એક્સેસડબલ્યુ ટીંકલ પટેલ, એમએસડબલ્યુ જતીનભાઈ ચૌધરી સહિત આશા વર્કરો અને ચેરમેન વાઘેલા દશરથસિંહ અને મંત્રી બકાભાઈ પટેલ હાજર રહ્યાં હતા.

## રાસેયો શારીરિક શિક્ષણ એકમ સાદરા ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૨

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી ઓન લાઇન પ્લેટફોર્મ પર કરવામાં આવી છે જેમાં મુખ્ય અતિથિ તરીકે ઉચ્ચ શિક્ષણ વિભાગ નાયબ નિયામક બિપિનચંદ્ર નિનામા, અધ્યક્ષ તરીકે સંસ્થાના માનદ નિયામક ડો. રાજેન્દ્ર ભાઈ ખીમાણી, સંસ્થાના ડીન ડો. જગદીશ ચંદ્ર સાવલિયા, રાસેયોના એકમના સંયોજક ડો. અરુણભાઈ ગાંધી ઉપસ્થિત રહ્યાં હતા. યોગ કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા, આભાર વિધિ સંસ્થાના સિનિયર પ્રોફેસર ડો. પ્રભુલાલ કાસુંદરા દ્વારા કરવામાં આવી હતી અને આયોજનમાં વિશેષ ભૂમિકા પ્રોગ્રામ ઓફિસર ડો. પ્રવીણભાઈ દુલેરાની રહી હતી.

# સ્માર્ટ ફોન સ્વીચ ઓફ કરી સ્માર્ટ જનરેશનનું પ્રકૃતિ તરફનું પ્રયાણ.!

ગાંધીનગર, તા.૨૨

આજની જનરેશન માત્ર સ્માર્ટ ફોન સાથે જ ઓતપ્રોત હોય છે એ વાત ગાંધીનગર બુલેટ વર્લ્ડ અને ફોર્સ વન એકેડમી દ્વારા આયોજિત અરવલ્લીની ગિરિમાળા ટ્રેકિંગ માટે આવેલા યુવાનો જોઈને ખોટી પડે છે. રવિવારે ધીમી ધારે વરસી રહેલા વરસાદ વચ્ચે ગાંધીનગરના ૩૫ યુવક યુવતીઓ અરવલ્લી ગિરિમાળા પર્વત પર પ્રકૃતિ સાથે એકરૂપ થવા રાઈડ પર નીકળ્યા હતાં. આ એડવેન્ચર રાઈડનું ફ્લૅગ ઓફ ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન ધરાવતા મેરેથોન રનર સંજય થોરાતના હસ્તે કરવામાં આવ્યું હતું. કુદરતને ખોળે ખેલવા માટે આ સુંદર ઉપક્રમ છે એનો ભરપૂર આનંદ લેવા માટે એમણે શુભકામનાઓ પાઠવી હતી.

બુલેટ વર્લ્ડના વનરાજસિંહ વાઘેલા અને ફોર્સ વનના ડાયરેક્ટર પ્રશાંત મેવાડા દ્વારા સંયુક્ત રીતે આ એડવેન્ચર ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ટ્રેઈનર દિગ્વિજયસિંહ વાઘેલા જોડાયા હતા.

ગાંધીનગરના નવ વર્ષના બાળકથી લઈને ૫૦ વર્ષના પેરેન્ટ્સ સાથે ૩૫ જણા જોડાયા હતા. બુલેટ વર્લ્ડ અને ફોર્સ વન દ્વારા એફ.ઓ.બી. નામના એન.જી.ઓ. ની સ્થાપના કરવામાં આવી હતી જેનું ઉદ્‌ઘાટન અરવલ્લીની ગિરિમાળા ખાતે યુવરાજસિંહ વાઘેલાના હસ્તે કરવામાં આવ્યું હતું. વિશ્વ યોગ દિવસની પૂર્વ સંધ્યાએ આ યુવાનોએ ટ્રેકિંગ, રોક ક્લાઈમ્બિંગ સાથે પર્વતની ટોચ ઉપર યોગ પણ કર્યો હતો. દિગ્વિજયસિંહે સૌને રાષ્ટ્રપ્રેમ સાથે સ્વયં શિસ્તના પાઠ ભણાવ્યા હતા. આજની સ્માર્ટ જનરેશને સ્માર્ટ ફોન સ્વીચ ઓફ કરી પ્રકૃતિ તરફનું પ્રયાણ કર્યું હતું. આ પ્રકારની પ્રવૃત્તિ યુવાનોને રિચાર્જ કરે છે. આવનારા સમયમાં આવી સાહસિક પ્રવૃત્તિઓ વનરાજસિંહ વાઘેલા અને પ્રશાંત મેવાડા દ્વારા આયોજિત કરવામાં આવશે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- પંડ્યા ઈશ્વરલાલ જગન્નાથ - ૮૦ - સેક્ટર-૨૨
- શાહ સ્વીટી ધવલ - ૩૨ - સેક્ટર-૨૩
- શાહ જયેશભાઈ જયંતિલાલ - ૪૨ - પેથાપુર
- વાઘેલા શાંતાબેન નવલસિંહ - ૬૨ - પીંડારડા

**Indian Institute of Teacher Education Gandhinagar**

**ભાવપત્રક નોટીસ**

આઈ.આઈ.ટી.ઈ., સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે સુથાર, પ્લમ્બર, કડિયા વગેરે જેવા માણસો પુરા પાડવા માટે ભાવપત્રકો આઈ.આઈ.ટી.ઈ.ની વેબસાઈટ www.iite.ac.in પરથી જરૂરી વિગતો સાથે ભરી નિયત સમયમર્યાદામાં પહોંચાડવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર — કુલસચિવ

માહિતી/૪૭૪/૨૧-૨૨

卐 વિપ્ર - જ્યોતિષ 卐

જ્યોતિષ એક દિવ્ય વિજ્ઞાન છે. જ્યોતિષ એ વેદાંગ છે.

જ્યોતિષી એ આપની અને ઈશ્વરની વચ્ચેનો સેતુ છે ઈશ્વર જ્યોતિષ દ્વારા આપને કંઈક માર્ગદર્શન આપવાનું કામ કરે છે જે આપના કલ્યાણ માટે હોય છે. આપણા જીવનની દરેક ઘટના પૂર્વ નિર્મિત છે. પરંતુ જો અશુભ થનારી ઘટનાનો થોડોક પૂર્વાભાસ મળે તો તેની પૂર્વ તૈયારી કરીને મોટા નુકસાનથી બચી શકાય.

આપના જીવનની કોઈ પણ સમસ્યાના સરળ, સાત્વીક, સચોટ અને સસ્તા ઉપાય માટે સંપર્ક કરો. (અગાઉથી ફોન કરીને જ આવવું)

જ્યોતિષ આચાર્ય : મુજીબ મહેતા - ફોન : ૯૭૧૨૯૪૨૦૪૫

કાર્યાલય : ઓફિસ નં. ૧૨, ચોથો માળ, ન્યુયોર્ક પ્લાઝા, ચીફ જસ્ટીસના બંગલા સામે, બોડકદેવ, અમદાવાદ. વેબસાઈટ : www.vipraastro.com

**ટુંકી જાહેર નિવિદા : ૨/૨૦૨૧-૨૨**

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ**

(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)

ઉદ્યોગ ભવન, બ્લોક નં.૪, ત્રીજો માળ, ઘ-રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૭

ફોન નં. : ૨૩૨૫૦૬૨૧, ૩૪ થી ૨૩૨૫૦૬૩૭, ફેક્સ નં. : ૨૩૨૫૦૭૦૭

(૧) નિગમની વસાહતોના પાણી અને સુએઝના પંમ્પિંગ સ્ટેશનો / બોર વેલો / તળાવો ખાતે ચાર્જ સંભાળતા ઈજનેરના દિશાસુચન મુજબ એનર્જી મોનીટરીંગ સિસ્ટમ અને એનોલિટિક્સ સિસ્ટમના પુરવઠા અને સ્થાપન માટે અને વાર્ષિક સબસ્ક્રિપ્શન અને હાલ લાગેલા ક્લાઉડ આધારિત રીઅલ ટાઈમ ઓનલાઈન એનર્જી મોનીટરીંગ સિસ્ટમ માટેના સાઈટ વિઝિટ માટેના ચાર્જ માટેના વાર્ષિક કરાર બાબતે અનુભવી ઈજારદાર પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડરો મંગાવવા બાબત.

આ કામોની અંદાજીત રકમ અનુક્રમ રૂ. ૧૨૧૩૧૫/- છે.

ઈ.એમ.ડી.ની રકમ રૂ. ૧૨૧૩/-

ટેન્ડર ફી રૂ. ૬૦૦ + રૂ. ૧૦૮ (જી.એસ.ટી. ૧૮%) = રૂ. ૭૦૮/-

આ અંગેના કોરા ટેન્ડરો ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ : ૨૨/૬/૨૦૨૧ થી ૩૦/૬/૨૦૨૧ (રજાના દિવસ સિવાય) સુધી સવારે ૧૧.૦૦ થી ૧૫.૩૦ કલાક દરમિયાન.

ભાવ ભરેલ ટેન્ડરો સ્વીકારવાની છેલ્લી તા. ૨/૭/૨૦૨૧ના રોજ ૧૮.૦૦ કલાક સુધીની રહેશે.

ભાવ ભરેલ ટેન્ડરો ખોલવાની છેલ્લી તા. ૩/૭/૨૦૨૧ના રોજ ૧૨.૦૦ કલાકે રહેશે.

અનુ.નં.૧ ટેન્ડર માટેનાં જરૂરી દસ્તાવેજો જેવા કે, અ) માન્ય ઈલેક્ટ્રીકલ કોન્ટ્રાક્ટર લાયસન્સ અને બ) એનર્જી એનલિટિક્સ પ્લેટફોર્મ ક્લાઉડ આધારિત /લાઈવ એનર્જી ડેટા રિમોટ મોનિટરિંગ અને કંટ્રોલિંગ ક્ષમતા સાથે સ્માર્ટ ક્લાઉડ આધારિત પીસીસી પેનલ એકમો માટે મૂળ ઉત્પાદક ઉપકરણો (OEM) પાસેથી વેચાણ / સેવા પ્રદાતા માટે અધિકૃતતાનો પત્ર, જી.એસ.ટી.નું રજીસ્ટ્રેશનું પ્રમાણપત્ર, ઈ.પી.એફ.ઓનું માન્ય રજીસ્ટ્રેશન અને અદ્યતન ચલણ, પાનકાર્ડ, અદ્યતન આવકવેરા રિટર્ન, વાર્ષિક રૂ. ૧,૨૧,૩૧૫/- કે તેથી વધુનું ટર્નઓવરનું પાછલા પાંચ વર્ષનું સી.એ. સર્ટિફીકેટ તથા આવા જ કામના ઓછામાં ઓછા ૭ વર્ષના સમાન પ્રકારના એટલે કે, ઊર્જા મોનીટરીંગ અને વિશ્લેષણાત્મક રિપોર્ટિંગ પ્રોજેક્ટ કે જે પંપીંગ સ્ટેશન / શેરીબત્તીની પેનલ મોનીટરીંગના પૂર્ણ કામનો અનુભવના પુરાવા જેમાંથી એક એવું જ કામ કે જેની રકમ રૂ. ૯૭,૦૫૨/- જેટલી અથવા બે એવું જ કામ કે જેની રકમ રૂ. ૬૦,૬૫૮/- અથવા ત્રણ એવું જ કામ કે જેની રકમ રૂ. ૪૮,૫૨૬/- જેટલી તેનાથી વધુ હોવી જોઈએ. તેમજ રૂ. ૨૪,૨૬૩/- કે તેથી વધુની ચાલુ વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી રજૂ કર્યેથી અધિક્ષક ઈજનેરશ્રી (યાં/વિ),ની ઉક્ત સ્થળે આવેલ કચેરીએથી આપવામાં આવશે.

ઉક્ત ટેન્ડરો ફક્ત રજીસ્ટર એ.ડી. / સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં જ સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે વેબસાઈટ www.gidc.gov.in અને www.statetenders.com પરથી તેમજ ઉપરોક્ત સરનામે કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે.

સહી/-
અધિક્ષક ઈજનેર (યાં/વિ)
જીઆઈડીસી, ગાંધીનગર

માહિતી/૪૭૨/૨૧-૨૨